# 22 સુભાષિત અને છંદ

સુંદર રીતે કહેવાયેલી જ્ઞાનયુક્ત વાતને રજૂ કરતી પંક્તિ જેના દ્વારા મનુષ્યમાં સંસ્કારનું સિંચન થાય અને જીવનમૂલ્યોનો વિકાસ થાય એને સુભાષિત કહે છે.

**સુભાષિતો**

(1) રાતે વહેલાં જે સૂવે, વહેલાં ઊઠે વીર,
બળ-બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.

(2) આવ નહિ આદર નહિ, નહિ નયનમાં નેહ
એ ઘર નવ જાઈએ, ભલે કંચન વરસે મેહ.

(3) વા ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર,
શૂરા બોલ્યાં ન ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર.

(4) દીપકના બે દીકરા, કાજળ અને અજવાસ,
એક કપૂત કાળું કરે, બીજો દિએ પરકાશ.

(5) જાતે કરવું જાતે રળવું, જાત વિના સૌ જૂઠું જી,
જાતે ઝૂઝવું આગે વધવું, જાત વડે ઉદ્ધરવુંજી.

**છંદ :** નક્કી કરેલા અક્ષરો કે માત્રાઓ પ્રમાણે શબ્દોની કાવ્યરચના થાય છે, તેને છંદ કહે છે. સામાન્ય રીતે છંદો પરંપરાગત ઢાળમાં ગવાય છે.

**અનુષ્ટુપ છંદ :**

આ અયતિક અક્ષરમેળ છંદ છે તેના પ્રત્યેક ચરણમાં આઠ (8) અક્ષરોના ચાર ચરણ આવે છે. ઓછા નિયમવાળો આ છંદ-ધીર ગંભીર ભાવના આલેખન માટે સુવિખ્યાત છે. સંસ્કૃત સાહિત્યનો તે જૂનામાં જૂનો છંદ છે. રામાયણ અને મહાભારત ગ્રંથ તથા અઢાર પુરાણો અનુષ્ટુપ છંદનાં ઉત્તમ ઉદાહરણો છે. તેના ઉદાહરણ નીચે મુજબ છે :

(1) નિશા જે સર્વભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.

(2) સત્યનું કાવ્ય છો બાપુ, કાવ્યનું સત્ય છો તમે
ઝંખતી કાવ્યને સત્યે; સૃષ્ટિ આ આપને નમે.

**સ્વાધ્યાય**

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) જીવનમૂલ્યોનો વિકાસ થાય એને ...... કહે છે.

(2) સુભાષિતોને આપણે ...... પણ કહી શકીએ.

(3) આવ નહિ આદર નહિ, નહિ નયનમાં નેહ ............................................................

(4) અક્ષરો કે માત્રા પ્રમાણે કાવ્યરચના થાય તેને ...... કહે છે.

(5) અનુષ્ટુપ છંદના દરેક ચરણમાં ...... અક્ષરો આવે છે.

(6) અનુષ્ટુપ છંદ ...... ભાવનો છે.

(7) રામાયણ, મહાભારત અને અઢાર પુરાણો ...... છંદનાં ઉત્તમ ઉદાહરણો છે.

**2. નીચેના વાક્યો સામે ખરાં (✓) કે ખોટાં (✗)ની નિશાની કરો :**

(1) અનુષ્ટુપ છંદમાં 8-8 અક્ષરનાં પાંચ ચરણ હોય છે. ☐

(2) અનુષ્ટુપ છંદ સંસ્કૃત સાહિત્યનો જૂનામાં જૂનો છંદ છે. ☐

(3) અનુષ્ટુપ છંદમાં ચાર ચરણ હોય છે. ☐

●